દાદા ભગવાન પરિવારનું

એપ્રિલ ૨૦૨૩

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ

## અંદરનું રહસ્ય



# સંપાદકીય

મિત્રો,

ચાલો, આપણે એક સર્વે (**Survey**) લઈએ. શું ક્યારેય તમને કોઈ એક્શન મૂવી જોઈને એવો ભાવ થયો છે કે, વિલનને માર પડવો જ જોઈએ, વિડિયો ગેમ રમતી વખતે ગેમના કેરેક્ટર્સને મારવાની મજા પડી છે ?, ઘરમાં કૉક્રોચ કે ગરોળીને જોઈને એવું થયું છે કે, 'આ મરી જાય તો સારું.', એવું થયું છે કે 'મારી પતંગની દોરીથી પક્ષીઓ મરી જાય એમાં હું શું કરં.'

જો ઉપરના કોઈ પણ એક પ્રશ્નના જવાબમાં 'હા' કહી, તો એ ભાવહિંસા થઈ કહેવાય. ચાલો, જ્ઞાની પાસેથી સમજણ મેળવીએ કે ભાવહિંસા એટલે શું ? ભાવહિંસા ટાળવાનો મોટામાં મોટો ઉપાય શું છે ? ભાવહિંસા થઈ જાય પછી શું ?

ભાવહિંસાને ઊંડાણપૂર્વક સમજવા માટે કુદરતની કૉર્ટરૂમ અને લીફ વેલીમાં જઈએ. સાથે સાથે જોઈએ કે થીઓ એન્ડ ફ્રેન્ડ્સ અને આલુ-ચીલીએ ભાવહિંસા વિશે શું સમજણ મેળવી છે ? અને હા, મજેદાર એક્ટિવિટીઝની મજા લેવાનું ભૂલતા નહીં !

-ડિમ્પલ મહેતા

# અંદરનું રહસ્ય


વર્ષ : ૧૫, અંક : ૮
સળંગ અંક : ૧૭૬
એપ્રિલ ૨૦૨૩



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2023, Dada Bhagwan Foundation
All Rights Reserved



અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...

પ્રશ્નકર્તા : મને એવી વિડિયો ગેમ્સ રમવાની મજા આવે છે જેમાં લોકોને મારવાના હોય. તો એવી વિડિયો ગેમ રમવામાં કોઈ ખરાબ કર્મ બંધાય ?

પૂજ્યશ્રી : એવી વિડિયો ગેમ રમ્યા પછી તને અંદર કંઈ થાય છે ? આને મારું, પેલાને શૂટ કરું, એવું ?

પ્રશ્નકર્તા : ના.

પૂજ્યશ્રી : રમતી વખતે તું ગેમના કેરેક્ટર્સને ઢીશૂમ ઢીશૂમ મારે છે ને ?

પ્રશ્નકર્તા : હા.

પૂજ્યશ્રી : એક સ્ટોરી છે. એક માણસને કૂકડો મારવાનું કહેવામાં આવ્યું. પણ એ તૈયાર ના થયો. એટલે એને કહ્યું કે લોટનો કૂકડો બનાવીને મારી નાખ. એણે એમ કર્યું તો એને કૂકડા મારવા જેટલું જ પાપ બંધાયું. કેમ ? કારણ કે ભાવમાં એવું હતું કે 'મેં મારી નાખ્યો.'

એવી ગેમ્સ રમો જે હિંસક નથી. હિંસક ગેમ્સ રમતી વખતે ભાવમાં તો હિંસા કરી જ નાખીએ છીએ. આપણે ગેમમાં શું કહીએ ? ત્રીસ સોલ્જર્સ હતા, બધાને મેં ખલાસ કરી નાખ્યા. એમાં ભાવ બગડી જાય છે.

એટલે આ વાયોલન્ટ (હિંસક) ગેમ્સ સારી વસ્તુ નથી. આ વિડીઓ ગેમ્સ માઈન્ડ ડિસ્ટર્બ કરી નાખે છે. એના બદલે 'સુડોકુ' જેવી ગેમ્સ રમો, જેમાં બુદ્ધિ ડેવલપ થાય. બાળવિજ્ઞાનની નાની નાની ગેમ્સ હોય છે, એ બધી રમો.

અને બને ત્યાં સુધી વિડિયો ગેમ્સ રમવામાં લિમિટેશન રાખો. પંદર મિનિટ કે અડધો કલાક વિડિયો ગેમ્સ રમ્યા પછી સ્વિમિંગ, વૉલીબૉલ, ક્રિકેટ, ફુટબૉલ જેવી ગેમ્સ રમો. જે જીવતા લોકો સાથે રમવાની હોય. એ ગેમ્સથી માઈન્ડ અને બૉડી સારું થશે.



# આ તો

કોઈ પણ જીવને મારવાનો ભાવ ના હોવો જોઈએ. 'મારા મન-વચન-કાયાથી કોઈ પણ જીવને દુઃખ ના હો' એવી ભાવના રાખવાની છે.




જેને મારવાની ઈચ્છા નથી તેની પાસે કોઈ મરવા આવતુંય નથી. ભાવ એટલું બધું કામ કરે. દાખલા તરીકે : પગ નીચે કંઈક આવી જાય તો પણ બચી જાય.



# નવી જ વાત !

મારવાનો ભાવ કર્યો એટલે પછી મરવાવાળા આપણી પાસે આવશે.
દાખલા તરીકે : ઊંઘમાં પાસું ફેરવે તો પણ માંકડ-મચ્છર મરી જાય.



હિંસાનું પ્રતિક્રમણ કરવાથી જોખમદારી તૂટી જાય.



# કુદરતની કૉર્ટ



દરવાજો થોડો ખુલ્લો હતો. મિતના હાથમાં એક મોટું બોક્સ હતું. એટલે એણે કોણીએથી દરવાજાને ધક્કો માર્યો અને ઘરની અંદર આવ્યો.

'હેલ્લો મિત, આવ આવ !' કુણાલભૈયાએ ચોપડી બંધ કરી અને એમના નાનકડા ગેસ્ટને આવકાર આપ્યો. મિતના મમ્મી-પપ્પા બહાર ગયા હતા એટલે એ એના પાડોશી કુણાલભૈયાના ઘરે રાત રોકાવા ગયો હતો.

'ઓહો ! વિડિયો ગેમ ?!' મિતના હાથમાં બૉક્સ જોઈને કુણાલભૈયાએ પૂછ્યું.

'હા, તમે રમશો ? આમાં બે પ્લેયર્સનું સેટિંગ છે.'

'ના ના... મારી લૉની પરીક્ષા છે આવતે અઠવાડિયે.'

'લૉ !! એ શું છે ?'

'તેં મૂવિઝમાં કૉર્ટરૂમ જોયા છે ? એમાં પેલા કાળા કોટવાળા માણસો હોય છે ને ?! એ લૉયર્સ કહેવાય. એમણે 'લૉ'ની પરીક્ષા પાસ કરી હોય.'

'ઓહ ! એટલે તમે લૉયર બનીને ગુનેગારોને પકડશો ?' મિતના અવાજમાં થોડો ડર હતો.

'હા, પણ તું કેમ ગભરાય છે ? તેં કંઈ ગુનો કર્યો છે ? કોઈની સાથે મારામારી કરી છે ?' કુણાલભૈયાએ મિત સાથે ગમ્મત કરી.

'ના ના..' મિતે હસીને કહ્યું, 'હું તો ખાલી વિડિયો ગેમમાં નકલી કેરેક્ટર્સ સાથે ઢીશૂમ ઢીશૂમ કરું છું.'

'ઓહ ! આઈ સી... એ તો કુદરતની કૉર્ટનો કેસ છે !' ભૈયા બોલ્યા.

મિતને કંઈ સમજાયું નહીં. પણ એને વિડિયો ગેમ રમવામાં એટલો બધો રસ હતો કે એણે આગળ કંઈ પૂછ્યું પણ નહીં. અને ગેમ ઑન કરી દીધી.

રમતા રમતા એને ઊંઘ આવી ગઈ અને એ લિવિંગ રૂમના સોફા પર જ આડો પડી ગયો.

અડધી રાત્રે એક અવાજથી મિતની આંખો ખૂલી ગઈ. જોયું તો દીવાલ પર લટકાવેલી ફોટો ફ્રેમમાંથી કાળા કોટમાં સજ્જ એક ભાઈ મિતને બોલાવી રહ્યા હતા. મિત ડરી ગયો.


'મિત, તને કુદરતની કૉર્ટમાં હાજર થવાનો ઑર્ડર છે.' કાળા કોટવાળા ભાઈ ફોટો ફ્રેમમાંથી બોલ્યા. મિતે એની આંખો ચોળી. 'કુદરતની કૉર્ટ ?! પણ મેં કોઈ ગુનો કર્યો જ નથી !'

'એ બધું મને નથી ખબર. તને લાવવાનો મને ઑર્ડર મળ્યો છે.' ભાઈએ ફોટો ફ્રેમમાંથી પોતાનો હાથ બહાર કાઢ્યો અને મિતને અંદર ખેંચી લીધો. ફોટો ફ્રેમની અંદર એક નવી જ જાતની વિચિત્ર દુનિયા હતી.

મિતની સામે એક દરવાજો ખૂલ્યો અને એને દાદરા દેખાયા. જેવો મિતે દાદરા ઉપર પગ મૂક્યો કે ગોળ ગોળ સીડીઓ એને નીચે લઈ ગઈ.

દરેક માળ પર એને એવા માણસો દેખાયા જેમના ચહેરાઓ દાનવો જેવા હતા. એ માણસોની ચીસોથી મિત હલી ગયો. સીડી એક મોટા હૉલ સામે ઊભી રહી ગઈ. હૉલની બહાર ઊભેલા ઈન્સ્પેક્ટરે મિતને અંદર આવવાનો ઈશારો કર્યો. ઈન્સ્પેક્ટરના માથે બે શિંગડા હતા.

હૉલ કૉર્ટરૂમ જેવો દેખાતો હતો. આવો કૉર્ટરૂમ તો મિતે મૂવિઝમાં જોયો હતો. સ્ટેજ પર જજ આવીને બેઠા અને નીચે કાળા કોટમાં એક લૉયર ઊભો હતો. મિતને જોઈને હૉલમાં અવાજ વધી ગયો.



'ઑર્ડર ઑર્ડર !' જજે હથોડો માર્યો અને કાર્યવાહી શરૂ કરવાનો આદેશ કર્યો.

બે શિંગડાવાળા ઈન્સ્પેક્ટરે મિતને ઑડિયન્સમાં બેસાડ્યો અને પોતે બહાર નીકળી ગયા. મિતને સખત ગભરામણ થઈ.

એક લાંબો અને મોટી મૂછોવાળો માણસ ઑડિયન્સમાંથી ઊઠ્યો.


'આ છે કસાઈ. રોજ જાનવરો મારે છે.' લૉયર બોલ્યો.

'પંદર વર્ષની જેલ.' જજે હથોડો પછાડીને નિર્ણય સંભળાવ્યો. નીચેથી જમીન ખસી ગઈ અને કસાઈ નીચે પડ્યો.

બીજો માણસ આવ્યો.

'નૉન વેજ ખાય છે.' લૉયરે કહ્યું.

'એ પણ એકજાતની હિંસા જ છે.' જજ સાહેબ બોલ્યા અને હથોડો પછાડ્યો. ધડામ ! એ માણસ પણ નીચે પડ્યો.



મિતનું હૃદય એટલું જોરથી ધબકતું હતું કે એને લાગ્યું જાણે હમણાં બહાર નીકળી જશે.

'મિસ્ટર મિતનો વારો !'

મિત થથરતા થથરતા ઊભો થયો. 'મેં કોઈને નથી માર્યા. પ્લીઝ મને જવા દો. વિડિયો ગેમના માણસો તો નકલી હોય છે.'

'મિસ્ટર મિત, શું તમારો કોઈ ડિફેન્સ લૉયર છે જે તમારા વતી લડી શકે ?' જજે પૂછ્યું.

'શું ?? ના...' મિતને તો ડિફેન્સ લૉયરનો અર્થ શું થાય તે પણ નહોતી ખબર.

'ઠીક છે. તમને એક દિવસનો સમય આપીએ છીએ. આવતી કાલ સુધી કોઈને શોધી લાવો.' જજે કહ્યું.

બીજા દિવસે જ્યારે મિત કૉર્ટરૂમમાં પહોંચ્યો ત્યારે એની પાસે કોઈ લૉયર નહોતો. એનું ધ્યાન કૉર્ટરૂમની બહાર બેઠેલા એક તેજસ્વી પુરુષ પર ગયું. મિતને એનો ચહેરો જાણીતો લાગ્યો.

'અરે, આ તો પેલા બે શિંગડાવાળા ઈન્સ્પેક્ટર સર છે !' મિતને ઓળખાણ તો પડી પણ એમનો ચહેરો કંઈક જુદો લાગ્યો.

'સર, તમારા શિંગડા ક્યાં ગાયબ થઈ ગયા ?' મિતે ઈન્સ્પેક્ટરને પૂછ્યું.

ઈન્સ્પેક્ટર હસી પડ્યા, 'આજથી મારે સ્વર્ગમાં શિફ્ટ થવાનું છે. એટલે મારા શિંગડા નીકળી ગયા છે.'

'સ્વર્ગમાં ? એ કેવી રીતે થયું ?' મિતને નવાઈ લાગી.



'એ મારા બદલાયેલા ભાવનું પરિણામ છે. ભાવ અંદર બદલાયા અને ચહેરો બહાર બદલાઈ ગયો. મિસ્ટર મિત, હું આટલું શીખ્યો છું. ખોટા કામનો પસ્તાવો થાય તો ગુનાના દંડમાંથી છૂટી જવાય. પણ જો ખોટું કામ કર્યા પછી ખુશી થઈ તો આપણને કોઈ ના બચાવી શકે. શું તમે ક્યારેય કોઈને મારીને ખુશ થયા છો ?' ઈન્સ્પેક્ટરે પૂછ્યું.

મિત વિચારમાં પડી ગયો. 'ના, આમ તો મેં ક્યારેય કોઈને માર્યા જ નથી. પણ હા, વિડિયો ગેમ્સના કેરેક્ટર્સને મારીને હું ખુશ થયો છું. પણ એ તો બધા નકલી હતા ને ?'

'પણ ભાવ તો તમારા અસલી હતા ને ?' ઈન્સ્પેક્ટરે પૂછ્યું.

મિત ફરી વિચારમાં પડી ગયો. ત્યાં તો એક અવાજ સંભાળાયો, 'મિસ્ટર મિત, હાજીર હો !'

'ઑલ ધી બેસ્ટ' કહી ઈન્સ્પેક્ટર ત્યાંથી નીકળી ગયા. મિતના હૃદયના ધબકારા વધી ગયા.

મિત જજ સામે જઈને ઊભો રહી ગયો. 'સર, મને કોઈ ડિફેન્સ લૉયર નથી મળ્યા. પણ મને મારી ભૂલ મળી ગઈ છે. ગેમ્સ રમતા રમતા મારા ભાવ બહુવાર બગડી ગયા છે. એના માટે હું સૉરી પણ ફીલ કરું છું. હવે હું ક્યારેય વાયોલન્ટ વિડિયો ગેમ્સ નહીં રમું.' મિતે કહ્યું.

જજ પોતાનો હથોડો પછાડીને સજા સંભળાવવાના જ હતા ત્યાં તો એક લૉયરે એમને રોક્યા, 'માય લૉર્ડ, જો ગુનેગાર પોતાની ભૂલ કબૂલ કરીને ભૂલનો પસ્તાવો કરે તો શું સજા બદલાઈ ના જાય ?'

જજે કુદરતની લૉ બુક ખોલી. 'અરે હા, યૂ આર રાઈટ. અહીં લખ્યું છે કે જો ભૂલ કર્યા પછી દિલથી ભૂલનો પસ્તાવો થાય અને માફી માગી લેવાય, તો દંડમાંથી મુક્તિ મળી જાય.'

'મિસ્ટર મિત, તમે જઈ શકો છો.' કહી જજે ફરી એમનો હથોડો પછાડ્યો.

અચાનક મિત પાછળ ખેંચાયો અને કુણાલભૈયાના સોફા પર જઈને પટકાયો. મિતે આંખો ચોળી. ઘડિયાળમાં જોયું તો સાત વાગ્યા હતા.

'ગુડ મોર્નિંગ, મિત ! શું થયું ? કોઈ ખરાબ સપનું જોયું કે શું ?' મિતને પરસેવે રેબઝેબ જોઈને કુણાલભૈયાએ પૂછ્યું.

સપનું હતું કે હકીકત, એ તો મિતને નહોતી ખબર. પણ એક વાત ચોક્કસ ખબર હતી કે હવે એ ફરી ક્યારેય વાયોલન્ટ વિડિયો ગેમ્સ નહીં રમે.


AALOO CHILLY
આ કારસ્તાની કીડીઓ ફરી મને ચટકા ભરી ગઈ !
OUCH!!
લાવ, હું તને થીઓએ બનાવેલું મિન્ટ ક્રીમ લગાવી આપું.
Medicine
મને આજે જ એમના કીડીલેન્ડનો એન્ડ કરી આવવાનું મન થાય છે !
તારી કટ્ટી, તું જાતે જ લગાવ ક્રીમ !
WHAM!!
કેમ, તને શું થયું ?
તારા ને શેરખાનમાં શું ફર્ક છે ? એ પણ મને આવી રીતે મારવા આવે છે અને તું પણ...



અરે, હું સાચે થોડી મારવાનો છું ?! બસ, ચિડાઈ ગયો હતો.
!!
તને ખબર છે કે તું મનથી કીડીઓને મારે, એ પણ માર્યું જ કહેવાય !
Medicine
OH!!
હેં ?? મને નહોતી ખબર, સૉરી ચીલી !
બસ, એટલું જ ???
Medicine
હે કીડીલેન્ડની કીડીઓ, સૉરી, મેં તમને મારવાનું વિચાર્યું. હવે ?
લાવ, ક્રીમ લગાવી દઉં, હમણાં મટી જશે.
10


ધી Leaf વેલી
તમારી વિડિયો ગેમે 'લીફ વેલી'માં મોટી સફળતા મેળવી છે. કેવું લાગે છે ?
હું બહુ જ ખુશ છું. આ ગેમનું વઝૅન ૨.૦ અમે જલદી જ લૉન્ચ કરીશું.
વાહ ! મારા જેરીભૈયા તો કેટલું ફાઈન કામ કરે છે ! હું ભૈયાને હંમેશાં હેલ્પ કરીશ.
NEWS UPDATES
REPORT
અરે ભૈયા, તમારો જ ઈન્ટરવ્યૂ ટી.વી. પર ચાલી રહ્યો છે. બેસો, હું પાણી લઈ આવું.
બની, તું કેટલો સ્વીટ છે ! જો, હું તારા માટે શું લાવ્યો ?
વાઉ !! તમારી બનાવેલી વિડિયો ગેમ !! થેંક યૂ !!
મારા બાળકો કલાકો સુધી તમારી ગેમથી બીઝી રહે છે. અમે વર્ઝન ૨.૦ની રાહ જોઈએ છીએ.
થેંક યૂ !



મહિનાઓ વીત્યા. એક દિવસ,
બ્રેકિંગ ન્યૂઝ ! લીફ વેલીના શાંતિપ્રિય રહેવાસીઓ જંગલી બની રહ્યા છે ! શું આપણી શાંતિ જોખમમાં છે ?
NEWS
LIVE NEWS UPDATES
REPORT
10:27 Crime rate getting high in leaf valley
પોલીસ ફૉર્સ આ મામલાની જડ સુધી પહોંચવાની પૂરી કોશિશ કરી રહી છે.
આજ સુધી 'લીફ વેલી'ના રહેવાસીઓએ ક્યારેય કોઈની ઉપર એટેક કર્યો નથી. શું છે આ હિંસાનું કારણ ?
સર, મને કારણ મળી ગયું છે ! આ જુઓ.


યૂ આર રાઈટ ! એનિમલ્સની ફાઈટ પેટર્ન આ વિડિયો ગેમના કેરેક્ટર્સના એટેક્સની પેટર્ન સાથે એક્ઝેક્ટલી મેચ થાય છે.
જેરીની ઑફિસમાં,
મિસ્ટર જેરી, તમારી વિડિયો ગેમ જ 'લીફ વેલી'ની શાંતિ ડિસ્ટર્બ કરવાનું કારણ છે.
ખોટી વાત ! જો વિડિયો ગેમની આવી જ અસર થતી હોત તો 'ફાર્મ ગેમ' રમ્યા પછી બધાએ ફાર્મર્સ (ખેડૂત) બની જવું જોઈએ !
ઈન્સ્પેક્ટર ગીગો પાસે કોઈ જવાબ નહોતો.
રાત્રે થાક્યો પાક્યો જેરી ઘરે પહોંચ્યો,
બની, પાણી લાવ ને !
જોતા નથી હું વિડિયો ગેમ રમું છું ? મને ડિસ્ટર્બ ના કરો.
પછી રમજે, પહેલા પાણી લાવ.
મને હેરાન કરશો તો તમને શૂટ કરી દઈશ.



ઈન્સ્પેક્ટર ગીગો સાચા હતા ! બની ઉપર કેટલી નેગેટિવ અસર થઈ છે. વિડિયો ગેમનું વેંચાણ રોકવું પડશે.
પણ જે વિડિયો ગેમ્સની નેગેટિવ અસર થાય, એની પૉઝિટિવ અસર પણ થઈ શકે ને ?
મહિનાઓ પછી, પ્રેસ કૉન્ફરન્સમાં,
નવી ગેમ વિશે કંઈ કહો.
ગેમનું નામ છે 'લીફ વેલી' જેમાં એક સુંદર અને શાંત સીટી બનાવવાનું છે. આ વિડિયો ગેમ રમવાથી બાળકોને પઝલ સૉલ્વિંગ આવડશે અને બીજાને હેલ્પ કરવાના આઈડિયા મળશે.
અને પહેલા જેવી ખુશખુશાલ લીફ વેલી પાછી જીવંત થઈ જશે !




ગયા અંકમાં આપણે જોયું કે રીઝોને શ્રેણિક રાજા વિશે એવું કંઈક જાણવા મળ્યું જેના કારણે એણે પોતાના ફોનમાંથી 'કૉલ ઑફ ડ્યૂટી' ગેમ ડિલીટ કરી દીધી. પોતાના ફ્રેન્ડ્સને એણે એક જ શ્વાસે આ વાત કહી દીધી. એની વાતો સાંભળીને થીઓ, ઝોઈ અને જીફીની આંખો પહોળી થઈ ગઈ. ચાલો, જોઈએ રીઝોએ એના ફ્રેન્ડ્સને શું કહ્યું...

શ્રેણિક રાજા, ભગવાન મહાવીરના ભક્ત બન્યા એ પહેલાની આ વાત છે.

એક વખત શ્રેણિક રાજા શિકાર કરવા ગયા હતા. એક હરણીને તેમણે પોતાના બાણથી મારી નાખી. એ હરણીના ગર્ભમાં એક બચ્ચું હતું. શ્રેણિક રાજાના એક જ બાણથી હરણી અને એનું બચ્ચું બન્ને તરફડી તરફડીને મૃત્યુ પામ્યા. શ્રેણિક રાજાને ગર્વ થયો કે તેમણે એક જ બાણથી બેઉનો કેવો સરસ



શિકાર કર્યો ! આવો ગર્વ કરવાથી શ્રેણિક રાજાને નર્કગતિ બંધાઈ.

ભગવાન મહાવીરે જ્યારે શ્રેણિક રાજાને આ વાત કહી ત્યારે શ્રેણિક રાજાને બહુ જ દુઃખ થયું. તેમણે ભગવાનને નર્કગતિ ટાળવાના ઉપાયો પૂછ્યા. ભગવાને જણાવ્યું કે નર્કગતિ ટાળવી સંભવ નથી. પણ જ્યારે રાજાએ બહુ જ વિનંતી કરી ત્યારે ભગવાને રાજાને ત્રણ ઉપાયો બતાવ્યા. એમાંથી બે ઉપાયો તો નિષ્ફળ ગયા.


ત્રીજો ઉપાય હતો કે જો એક જ દિવસ રાજ્યનો કસાઈ જાનવરોને મારવાનું બંધ કરે તો રાજાની નર્કગતિ ટળી શકે. રાજા તો ખુશ થઈ ગયા. એમને લાગ્યું કે આ તો

એ ચોક્કસ કરાવી શકશે. કસાઈ પાસે જઈને રાજાએ એક દિવસ જાનવરો મારવાનું બંધ કરવાનો આદેશ આપ્યો. કસાઈએ કહ્યું, ‘એ તો શક્ય નથી. માર્યા વગર મારાથી રહેવાશે જ નહીં.’ એટલે રાજાએ કસાઈને બળજબરીથી બંધાવી દીધો અને કૂવામાં ઊંધો લટકાવડાવ્યો. આસપાસ સૈનિકોને ગોઠવી દીધા જેથી કસાઈ ભાગી ના શકે.

ચોવીસ કલાક પછી કસાઈને ભગવાન પાસે લાવવામાં આવ્યો. રાજાએ ભગવાનને પૂછ્યું, ‘હવે તો મારી નર્કગતિ ટળશે ને ? કસાઈએ ચોવીસ કલાકથી કોઈને માર્યા નથી.’

ભગવાને કહ્યું, ‘ના, એવું નથી. આ કસાઈ ઊંધો લટકીને પણ કૂવાની ભીંત પર પાણીથી પાડા ચીતરતો રહ્યો અને ભાવથી પાડાઓને મારતો રહ્યો. એણે લગભગ પાંચસો પાડાઓને આમ ભાવથી માર્યા છે. જીવને મારવાનો ભાવ કરવો એ મોટામાં મોટી હિંસા કહેવાય, જે આ કસાઈએ કરી છે. એટલે તારી નર્કગતિ નહીં ટળી શકે.’

શ્રેણિક રાજા બહુ જ દુઃખી થઈ ગયા. અને આખરે એમણે સ્વીકાર્યું કે નર્કે જઈને એમને હિંસાનો દંડ ભોગવવો જ પડશે.



# THE Little Chef





# સત્તુ શરબત



**1.**

## તમને જોઈશે...

- ૨ ચમચી સત્તુ પાવડર (શેકેલા દાળિયાનો ભૂક્કો કરી તૈયાર કરેલ પાવડર)
- ૧ ગ્લાસ પાણી
- ૨ ચમચી ખાંડ
- ૨ ચમચી લીંબુનો રસ
- સ્વાદ પ્રમાણે મીઠુ

**2.**



સત્તુના પાવડરને એક બાઉલમાં લઈ તેમાં પાણી, લીંબુ, મીઠું, ખાંડ નાખો અને હલાવો.

**3.**



તૈયાર છે પ્રોટીનથી ભરપૂર સત્તુ શરબત...



**Chef's Tip:** શરબતને વધુ ટેસ્ટી બનાવવા તેમાં સંચળ અને ફુદીનો પણ સ્વાદ અનુસાર ઉમેરી શકો છો...

# ચાલો રમીએ...




આપેલા હેરીટેજ સાઈટના નામ તથા શહેર લખીને પેજનો ફોટો
૯૩૧૩૬૬૫૫૬૨ પર મોકલો.











**Akram Express**

April 2023
Year : 15, Issue : 8
Conti. Issue No.: 176

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# Summer camp 2023

## For more information, scan the QR code



અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.